

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ચલાવું સાવ રફ છતાં હાર્ટ ખોટકતું નથી!
લાગે આઘાતની ઠેંસો છતાંય અટકતું નથી!
બને કચરામાંથી છતાંય કરી લે રસ્તો લોહી
રસ્તા બધા 'બ્લોક' છતાં મગજ છટકતું નથી!

### હાઈકુ

કોરોના ચિંતા !
આ ફોફાં ફેફસાં માં
મારે ખાવું શું ?

લ્યો ! યમરાજ
નવરા પડે તો ને !
આવે ન વારો !
(લ્યો! હવે 'મૃત્યુ'નું ચક્કાજામ)

### ચિંતન

**વ્રતેન દિક્ષામાપ્નોતિ દિક્ષયાપ્નોતિ દક્ષિણામ્ ।**
**દક્ષિણા શ્રદ્ધામાપ્નોતિ શ્રદ્ધયા સત્યમાપ્યતે ॥**

વ્રત ધારણ કરવાથી મનુષ્યને શ્રેષ્ઠ અધિકાર તથા યોગ્યતાની પ્રાપ્તિ થાય છે. તેનાથી મનુષ્યોનો આદર સત્કાર વધી જાય છે. સન્માન, પ્રાપ્ત થવાથી સત્કર્મો પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ ઉત્પન્ન થાય છે.

સંસારની બધી શક્તિઓનું કેન્દ્ર જો મેળવવું હોય તો આપણે સત્યનો આશરો લેવો પડશે. સત્યની ઉપાસના કરવી પડશે, ઉગ્ર તપસ્યા કરવી પડશે અને બધી તુચ્છ વાતોનો ત્યાગ કરવો પડશે. સત્યને જાણવાની, સમજવાની અને મેળવવાની જ્યારે લગની લાગે છે. મનમાં વ્યાકુળતા થાય છે ત્યારે જ સત્યની પ્રાપ્તિ થાય છે. સત્યને મેળવવા માટે વ્રત, દીક્ષા, દક્ષિણા અને શ્રદ્ધાનાં ચાર સોપાનો પાર કરવા પડે છે.

દીક્ષા અને દક્ષિણાના પ્રભાવથી સત્ય પ્રત્યે અતૂટ શ્રદ્ધાનું જાગરણ થાય છે. પછી તીવ્ર ગતિથી પ્રગતિ થાય છે. માર્ગની બધી તકલીફોનો પોતાની જાતે જ નાશ થઈ જાય છે. સત્ય આચરણ જ આપણા ચારિત્ર્યની પ્રાણશક્તિ છે.

### સુવિચાર

- હમને સૂરજ કી રોશની મેં ભી કભી અદબ નહીં ખોયા...
  કુછ લોગ જુગ્નુઓં કી ચમક મેં મગરુર હો ગયે.... - **અઝીઝ પૂનાવાલા**
- પ્રત્યેક ધર્મની એક વિશિષ્ટતા હોય છે, ઈસ્લામની વિશિષ્ટતા હયા (શરમ) છે - **હદીસ બોધ**
- 'કાળ' પણ કેવો હઠીલો ને પૂરો જક્કી હતો...
  એ જ રસ્તો જિંદગીનો છેવટે નક્કી હતો... - **ડો. એસ. એસ રાહી**
- તમે મેળવવા માટે યોગ્ય થાવ તે પહેલા તમારે આપવા માટે યોગ્ય થવું જોઈએ - **જ્યોર્જ વર્ગીસ**
- સત્ય મૌન રહે તો સૌ પૂજે છે... સત્ય બોલવા લાગે છે તો સૌ ધ્રૂજે છે... - **એસ. ભટ્ટાચાર્ય**
- લાંબો પંથ અને રસ્તા કાચા, એક મુસાપર ને લાખ લબાચા,
  પારંપારિક સૌના ઢાંચા, સૌ માને છે પોતે સાચા - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : કાંદા છાલ કાઢીને એક ગ્લાસ પાણીમાં પલાળી તે પાણી ત્રીસ મિનિટ પછી પીવાથી ઊલ્ટી મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ધનિક લાલચું શેઠ દુર્ગા માતાને પ્રસન્ન કરવાના ઉપાયો કરતા. એમણે એક સંતને પૂછ્યું, 'મહાત્મા, મા દુર્ગાને પ્રસન્ન કરવા માટે કોઈ કર્મકાંડ મને બતાવો.' તમે જ કહેશો તે કરીશ. પણ માતાને જલ્દી પ્રસન્ન કરવા છે.' મહાત્માએ કહ્યું, 'તમે, ચાલો, આપણે નદી કિનારે ચાલવા જઈએ. પછી ત્યાં હું તમને કર્મકાંડ અને પૂજાવિધિ સમજાવીશ. એમાંથી તમને જે અનુકૂળ આવે તે અપનાવજો.' વાત કરતાં કરતાં શેઠ અને મહાત્મા દૂર દૂર નીકળી ગયા. એ વખતે એક ભૂખ્યું, અર્ધનગ્ન, ચપ્પલ પહેર્યા વિનાનું નાનું બાળક મોટા શેઠને જોઈને કંઈક મેળવવાની અપેક્ષાએ ભીખ માંગવા લાગ્યું. શેઠે પહેલાં તો સાંભળ્યું - ન સાંભળ્યું કર્યું. પણ પેલું બાળક સતત ભીખ મેળવવાની આશાએ સતત પીછો કરી રહ્યું હતું. શેઠ પાસે પેલું બાળક માત્ર ચાર આના માંગી રહ્યું હતું. પણ શેઠે તેને હડધૂત કરી રહ્યા હતા.બાળક પણ અડગ હતું એટલે શેઠ તે બાળકને હડસેલા મારી પાડી દીધું. એ જ વખતે મહાત્મા એ શેઠને યજ્ઞ બાદ અગિયાર બ્રાહ્મણોને જમાડવાથી મા દુર્ગા પ્રસન્ન થશે એવી વાત કરી. શેઠજીના આવા વર્તનથી મહાત્મા બોલ્યા, 'શેઠજી, આ શું કરો છો ? પહેલાં આ બાળકને પ્રેમથી ઊભું કરો એને ભરપેટ જમાડો પચી જ મારી સૂચના પ્રમાણેની સાધના - પૂજા શરૂ કરજો. સાધના સાથે સંવેદના ન હોય તો કોઈ જ કર્મકાંડ સફળ થતાં નથી.' શેઠ ને મહાત્માની વાત કમને સ્વીકારવી પડી.

# ટ્રમ્પના સંજોગો વિપરીત છે

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લાં ચાર વર્ષથી આખી દુનિયાના વણનોતર્યા હાકેમ બની અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રૂપ અવનવાં ગતકડાં કાઢતાં રહ્યા છે. વણમાગી સલાહો આપતા રહ્યા છે. ભારત પાકિસ્તાન વચ્ચેના વિવાદાસ્પદ મુદ્દાઓમાં પણ વારંવાર મધ્યસ્થી કરવાની તૈયારી દર્શાવતા રહ્યા છે અને છેલ્લે ભારત અને ચીન વચ્ચેના સરહદી વિવાદમાં પણ ચંચુપાત કરી જાત પરખાવતા રહ્યા છે. એક એવી મહાસત્તાના સુકાની તરીકે કાર્યરત છે કે એમનાં સાવ જ ગાંડાં નિવેદનો સામે પણ આપણા દેશા રાજનયિકોને સંતુલિત અને સંયમિત ભાષામાં પ્રતિક્રિયા પાઠવવાની ફરજ પડતી રહી છે. વળી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેઓ પરમ શુભેચ્છક મિત્ર ગણી 'હાઉડી મોદી' જેવા તમાશામાં ભાગીદાર થયા અને એનું વટક વાળવા મોદીએ અમદાવાદ ખાતે 'નમસ્તે ટ્રમ્પ' જેવો મેગા શો યોજવો પડ્યો જેના થોડાક જ વખત પછી આખી દુનિયા પર કોરોનાનો સપાટો ચાલ્યો. તબલીગીઓ કોરોના લઈ આવ્યા કે ટ્રમ્પ - એ વિશે વિવાદ પણ ચાલ્યો. ભારતના માથાફરેલ શુભચિંતક તરીકે ટ્રમ્પનું ભૂંડું ના જ બોલવું જોઈએ પરંતુ એમના પોતાના દેશમાં આ ચાર વર્ષના શાસનકાળમાં એ અત્યંત વામણા અને વિવાદાસ્પદ બની રહ્યા છે તે હકીકત છે. વારંવાર તરંગી નિવેદનો આપવાં, ગમે તેની સામે ગમે તેવો વ્યવહાર કરવો તે ટ્રમ્પનો સ્વભાવ બની ગયેલ હોઈ ખુદ વ્હાઈટ હાઉસ માટે તેઓ અસ્કયામતને બદલે જવાબદારી બની ગયા છે. કાળાગોરા વચ્ચેના ભેદભાવને પ્રમુખ બન્યા પછી પણ તેઓ છોડી શક્યા નથી. કાળા નાગરિકને પોલીસે ગળા પર ઘૂંટણ દબાવી મારી નાખ્યો અને એ પછી જે ટોળું વ્હાઈટ હાઉસ પર ધસી આવ્યું એને શાંત પાડવાની જગ્યાએ એ વધુ ઉશ્કેરાય એવા ગોળીબારના આદેશ આપવા કે પછી રાષ્ટ્રપ્રમુખ પર હુમલો ન થાય એ માટે એમને બંકરમાં ખસેડવા જેવી ઘટનાઓ અમેરિકાની મહાન લોકશાહી માટે શરમજનક જ ગણાય. ટ્રમ્પની સરખામણીએ રશિયાના પુતિન કે ચીનના શી જિનપીંગ ઘણા પરિપક્વ અને 'સીઝન્ડ' રાજપુરુષો લાગે. ટ્રમ્પના પુત્રનું પરાક્રમ ખુદ અમેરિકન પ્રજાએ જોયું. ભારતમાં ભરેલ ટેક્સ કરતાં એવડો મોટો ઔદ્યોગિક સામ્રાજયના માલિકે પોતાના દેશની તિજોરીમાં 'યત્રં પુષ્પં' થી મન વાળી લીધું ! ટ્રમ્પના ડેમોક્રેટ હરીફ બાઈડર ગંભીર રાજનેતા છે અને જે કંઈ બોલે તે વિચારીને બોલે છે. ટ્રમ્પને તો પંડની દીકરી પણ 'સેક્સી' લાગે છે અને પાછી ઈન્ડિયન ઓરિજિન વાળી બાઈડનની ઉપપ્રમુખ પરની ઉમેદવાર કમલા હેરીસ કરતાં વધારે લાયક લાગે છે. અમેરિકાની પહેલી મહિલા રાષ્ટ્રપ્રમુખ માટે તેઓ પોતાની દીકરીને જ સૌથી વધારે લાયક ગણે છે. પ્રમાણમાં ઘણાં પરિપક્વ એવાં આપણાં સોનિયા ગાંધીની જેમ ટ્રમ્પ પણ પરિવારવાદી નેતા જ છે. વળી નેતા કરતાં વિશેષ તો તેઓ ધંધાદારી વેપારી છે. બાઈડને એમની ઝાટકણી કાઢતું વિશદ નિવેદન આપી અમેરિકાના 'પ્રથમ' સ્થાને મૂકવાના સૂત્ર સાથે ચૂંટાયેલા રિપબ્લિકન પ્રમુખે એને કેવી કેવી બાબતોમાં પહેલા સ્થાને આણી દીધું એની લાંબી યાદી આપી છે. દિવસમાં વીસ વાર જૂઠ્ઠું બોલવામાં એ પહેલાં નંબરે રહેલા અમેરિકન પ્રમુખ છે. ૨ લાખ જેટલા નાગરિકો કોરોનાનો કોળિયો બની ગયા તે એમના અણઘડ વહીવટના પ્રતાપે. અમેરિકામાં સૌથી વધુ બેરોજગારી ટ્રમ્પ શાસન દરમિયાન સરજાઈ છે અને સૌથી વધુ ખૂનામરકી, રમખાણો તથા કુદરતી આફતો પણ ! કોરોનાને એમને મજાકમાં જ લીધે રાખ્યું. શરૂઆતમાં તો 'હું માસ્ક નહીં જ પહેરું' એવી જીદ પર આવી ગયેલા. આખરે પોતે જ કોરોનાગ્રસ્ત બની વ્હાઈટ હાઉસની બહાર, વૉશિંગ્ટન શહેરથી દૂર એક મિલિટરી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ૩ નવેમ્બરે ચૂંટણી છે અને અત્યારે બાઈડન આગળ ચાલી રહ્યા છે. ટ્રમ્પ જાહેરસભાઓ કરી શકવાની સ્થિતિમાં નથી રહ્યા. કુદરત જ રૂઠી છે. એમની કુંડળીનો રાજયોગ પૂરો થઈ રહ્યો છે. વધુ વજન અને ૭૪ વર્ષની ઉંમરને લીધે તેઓ કોરોના મુદ્દે 'હાઈ રિસ્ક' કેટેગરીમાં આવે છે. એમનાં પત્ની મિલેનિયા પણ કોરોનાગ્રસ્ત થયાં છે. ધૂમકેતુની વાર્તા 'વિનિપાત' માં સોમેશ્વર પંડિતના મુખે ઉચ્ચારાયેલું વાક્ય યાદ આવે છે : 'પડે છે ત્યારે સઘળું પડે છે.'

# જીવનમાં વિચારોનું વાવેતર થવું જોઈએ!



**આરપાર**

રાઘવજી માધડ

આજે ગાંધી જયંતી નિમિતે પીડ પરાઈ જાણે રે...કાર્યક્રમ માણ્યા બાદ એક સર્જક મિત્ર મળી ગયા. તેમનું કહેવું હતું કે,મેં ગાંધીજી વિશે લેખ લખ્યો...'પછી આગળ કહ્યું :'ગાંધીજી વિશે સારું, સાચું કે કાંઈ લખ વામાં જરાય જોખમ નહીં.' પછી ચોખવટ કરતા કહ્યું :'બીજા કોઈપણ નેતા વિશે સાચું અથવા એવું કોઈ કારણોસર લખો એટલે,એ નેતા જે સમાજમાં જન્મ્યા હોય તે લોકો સારું લખ્યું હોયતો ચૂપ રહે પણ કોઈ સંદર્ભો સાથે સાવ સાચું લખ્યું હોય,જાણે-અજાણ્યે પણ ટીકા-ટિપ્પણ કરી હોયતો... લેખકનું આવી બને.ધાક-ધમકી સાથે રાજકીય રંગ આપી વ્યક્તિગત નુકશાન કરવા સુધી પણ પહોંચી જાય !ઌઆવું કહેવામાં ભારોભાર તથ્ય ભરેલું છે. આવા સારા-નરસા અનુભવોથી લગભગ કોઈ કલમવીર બાકી રહ્યો નહીં હોય.

કોઈ રાજપુરુષ કે રાષ્ટ્રનેતાએ વર્ગ,વર્તુળ,વિસ્તાર... નહી પણ રાષ્ટ્ર અને સમગ્ર માનવજાત માટે પોતાનું જીવન સમર્પિત કર્યુ હોય તેથી તેઓ સ્વનામ પામ્યા હોય.લોકહૃદયમાં બિરાજ્યા હોય...આવા યુગપુરુષ, મહાપુરુષ કે વિશ્વવિભૂતિને કોઈ કુંઠિત વાડામાં ક્યારેય કેદ કરી ન શકાય. જ્ઞાતિમાં અવતર્યાનો આદર,ગૌરવ ચોક્કસ લઈ શકાય.પણ તેમાં અમારા નહીં આપણાનો ભાવ ભરેલોને વરેલો હોવો જોઈએ. ખરેખરતો પ્રશંસાના પુષ્પો પાથરવા કે ગુણગાન ગાવાના બદલે એ મહામાનવના વિચારોનું જીવનમાં વાવેતર કરવું જોઈએ.તેઓનો પ્રભાવને સ્વભાવ આપણા વાણી,વર્તન અને વ્યવહારમાં આવવા જોઈએ.

આ જગતમાં વ્યક્તિએ જન્મ ક્યાં લેવો તે કોઈના હાથની વાત નથી. ગાંધીજી જે જ્ઞાતિમાં જન્મ્યા તે અતિ શાણી ને સમજદાર છે. તેથી ગાંધી વિશેના કોઈ લેખનો વિરોધ કરી, વિરાટમાંથી વામણા કરવા માંગતા નથી. વળી એવું પણ સમજે કે,સૂરજ સામે ધૂળ ઉડાડવાથી સૂરજનું તેજ ક્યારેય ઝાંખુ પડે નહીં !

અને ગાંધી કોઈ વ્યક્તિ નહીં પણ વિચાર છે. સ્વામી આનંદે જયારે આત્મકથા લખવા પ્રેર્યા ત્યારે તેઓ સત્યના પ્રયોગો અથવા આત્મકથાની પ્રસ્તાવનામાં લખે છે : પણ આ નિર્ણય કરું છું એટલામાં એક નિર્મળ સાથીએ, સોમવારે હું મૌનમાં હતો ત્યારે, મને ધીમેથી નીચેના વાક્યો સંભળાવ્યા:

'તમે આત્મકથા શું કામ લખવાના છો ? એ તો પશ્ચિમની પ્રથા છે.પૂર્વમાં કોઈએ લખી જાણી નથી. અને શું લખશો ? આજે જે વસ્તુને સિદ્ધાંત તરીકે માનો છો તેને કાલે માનતા અટકી જાઓ તો ? અથવા સિદ્ધાંતને અનુસરીને જે જે કાર્યો આજે કરો છો તે તે કાર્યોમાં પાછળથી ફેરફાર કરો તો ? તમારાં લખાણને ઘણાં મનુષ્યો પ્રમાણભૂત સમજી પોતાનું વર્તન ઘડે છે તેઓ ખોટી રીતે દોરવાઈ જાય તો?તેથી સાવધાન રહી હાલ તુરત આત્મકથા જેવું કાંઈ ન લખોતો ઠીક નહીં?' આ દલીલની મારા મન ઉપર થોડીઘણી અસર થઈ.પણ મારે આત્મકથા ક્યાં લખવી હતી? મારે તો આત્મકથાના બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની કથા કહેવી છે. આ કથાની પૂર્ણાહુતિમાં ગાંધીજી લખે છે:સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ જ એક માર્ગ છે,એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. પ્રયત્ન વ્યર્થ હો,પણ વચન વ્યર્થ નથી.

કોઈ કહે આજે ગાંધીજી કેટલા પ્રસ્તુત ? તેઓ પ્રસ્તુત હતા, છે ને વરસો પછી પણ રહેશે : કારણ કે તેઓની વાણીમાં ભૂતકાળના અનુભવ, વર્તમાનનું ઘડતર ને ભાવિનો ઉકેલ રહ્યો છે.

**છેલ્લે :**

**ગાંધીજીને કોઈએ પૂછ્યું : 'આપણા સમાજની મોટી સમસ્યા શું છે ?' જવાબમાં આટલું જ કહ્યું હતું : 'ભણેલાઓની નિર્દયતા !**

# હાથરસ ગેંગરેપ : આપણો સમાજ ક્યાં જઈ રહ્યો છે?



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

સંસારમાં થતા પરિવર્તનનો સમયગાળો બહું લાંબો હોય છે. અને અત્યારે આપણે સૌ આ પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છીએ. આ પરિવર્તન બે તરફી છે. એક તરફ આખું વિશ્વ કોરોના સામે ઝઝૂમી રહ્યું છે. જેને દુનિયાએ પ્રાકૃત્તિક આપદા તરીકે સ્વીકારીને એને અનુરૂપ થઈને એનાથી બચી રહી છે તો બીજી તરફ સમાજમાં વ્યાપી રહેલ માનસિક વિકૃતિ પણ સમાજ, સત્તા, કાયદો અને વ્યવસ્થા સામે અનેક પ્રશ્નો ઊભા કરે છે. તાજેતરમાં બનેલી હાથરસની એક ગેંગરેપની અને બલરામપુરની બળાત્કારની ઘટનાએ ફરીથી આખા દેશની સભ્યતા, સંસ્કૃતિ અને સંસ્કારો સામે તથા સત્તા અને સરકાર સામે પ્રશ્નચિહ્ન લગાવી દીધું છે. એક નિઃસહાય માસુમ યુવતિને કોઈની માનસિક વિકૃતિનો, હવસનો ભોગ બનવું પડે એનાથી મોટી કરૂણ ઘટના બીજી કંઈ હોઈ શકે ? દેશ માટે, સત્તા કે સરકાર માટે કે કાયદા કે વ્યવસ્થા માટે શરમજનક ઘટના બીજી કંઈ હોઈ શકે ? હજી નિર્ભયાની કે ડૉ. પ્રિયંકાની ચીસો આપણા કાનમાં ગૂંજતી બંધ થઈ નથી ત્યા આ બીજી મનિષાની ચીસો મહિનાઓ સુધી ગૂંજતી રહેશે. ક્યાં સુધી આપણે આવી ચીસોને નિર્માલ્ય બનીને સાંભળ્યા કરીશું ?

શક્ય છે કે પોલીસ માટે, મીડિયા માટે કે સરકાર માટે આ એક ''ઘટના: હશે. પરંતુ આપણે જે સમાજમાં રહીએ છીએ. એ સમાજ માટે આ એક શરમજનક અને .દૂર્ભાગ્યપૂર્ણ ઘટના છે. આ પ્રકારની ઘટનાઓ વારંવાર બનવાથી એની અસર સંપૂર્ણ ભારતીય સમાજ ઉપર પડે છે. અને માનસિક રીતે વિકૃત અશિક્ષિત અને અસભ્ય પુરુષોને પોલીસ, કાયદો અને સરકારનો ડર રહેતો નથી. કેમ કે તેઓ જાણે છે કે આવી ઘટના ઘટે અને બહાર આવે કે યુવતિનું મૃત્યુ થઈ જાય કે એની હત્યા કરવી પડે તો પણ ઉપરના તંત્રમાં સેટિંગથી બધુ પાર પડી શકે છે. અને તેથી તાકતવર પક્ષો અને પાર્ટીઓ આવા કૃત્યો કરતા સહેજેય અચકાતા નથી. તાજેતરમાં જ મુંબઈમાં સુશાંતસિંહ રાજપુત હત્યા કેસમાં દિશા સાલિયાન સાથે થયેલ ગેંગરેપ અને હત્યાનો મામલો અત્યારે આપણી સામે છે જ.

જે સમાજમાં સ્ત્રીઓનું માન, સન્માન નથી, જે સમાજમાં સ્ત્રીઓને સ્વતંત્રતા નથી, એ સમાજ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી. અને હવેનો પરિવર્તિત થતો આ નવો યુગ સ્ત્રીઓનો યુગ હશે. આ સંદર્ભે વિશ્વના અન્ય દેશોની તુલનાએ આપણો ભારત દેશ ઘણો જ પાછળ છે. કેમ કે આપણે ત્યા સ્ત્રીને હજીયે એટલી સ્વતંત્રતા અને માન સન્માન આપવામાં નથી આવતું. આ કારણે જ આજે દેશમાં અનેક ગામડાઓમાં, શહેરોમાં અનેક નાની નાની બાળકીઓ, યુવતિઓ સાથે બળાત્કારની ઘટનાઓ બની રહી છે. ક્યાંક તો ગુહનેગારો પકડાતા પણ નથી. અને ક્યાંક પકડાય છે તો બે ચાર મહિનામાં કોર્ટમાંથી જામીન લઈને છૂટી જાય છે.

આપણા દેશની કાયદાકીય વ્યવસ્થા અને એનું અપાતું શિક્ષણ પણ અનોખું છે. દેશભરમાં જેટલા પ્રકારના ગુહનાઓ થાય છે. તે તમામ પ્રકારના ગુહનાઓમાંથી બચાવવાનું કામ પણ આપણા કાયદાશાસ્ત્રીઓ કરે છે. કાયદાનું શિક્ષણ એટલે આપવાનું કે લેવાનું હોય છે કે કોઈ વ્યક્તિ ગેરકાયદેસર રીતે હેરાન—પરેશાન ના થાય, ક્યાંક ખોટી રીતે ફસાઈ જાય કે કોઈ ખોટા આરોપ મૂકે તો કાયદાનો જાણકાર માણસ (વકીલ) આપણાવતિ કોર્ટમાં જઈ આપણી સચ્ચાઈને રજુ કરે અને આપણને સાચો ન્યાય અપાવે. પરંતુ આજે દેશભરમાં આનાથી ઊલ્ટુ ચાલી રહ્યું છે ? તમામ પ્રકારના ક્રિમિનલોના, રેપિસ્ટોના, આતંકીઓના, ભ્રષ્ટાચારીઓના કેસ આપણા જ દેશના મોટા મોટા નામી વકીલો લડી રહ્યા છે. અત્યાર સુધી જેટલી બળાત્કારની ઘટનાઓ ઘટી છે એ તમામનો રેકર્ડ જોવામાં આવે તો ખ્યાલ આવશે કે મોટાભાગના બળાત્કારીઓ કાયદાકીય આંટીઘૂંટીઓને કારણે છૂટી ગયેલા છે. આને કારણે ઘણીવખત તો એવો પ્રશ્ન થાય છે કે દેશના કાયદાશાસ્ત્રીઓ કાયદાનું રક્ષણ કરે છે કે આવા પ્રકારના ગુહનાઓને છાવરે છે ? જો દેશના તમામ વકીલો એવી પ્રતિજ્ઞા લઈ લે કે આજથી અમો આવા ગુહનેગારોના કોઈપણ કેસ નહીં લડીએ. તો તત્કાલ અસરથી દેશમાં ગેરકાનૂની પ્રવૃતિઓ બંધ થઈ જાય. એ પણ એટલું જ સત્ય છે.

સમાજમાં વારે વારે બનતી બળાત્કારની ઘટનાઓને અટકાવવા કડક કાયદાઓ લાવવા જરૂરી છે. કે જે વિસ્તારમાં બળાત્કારની ઘટના બને તે વિસ્તારના પોલિસવડાએ આરોપીઓને ત્રણ દિવસમાં પકડીને જેલ ભેગા કરવા પડશે, અને જો આમ નહી થાય તો જે તે અધિકારીની તત્કાલ ફરજમોકૂફી થશે. બીજું કે બળાત્કારીઓ પકડાય અને જો કોઈ વકીલ એના જામીન લઈને આવે અથવા એનો કેસ લડે તો એની ડિગ્રી પરત લઈ લેવામાં આવે, ત્રીજું, બળાત્કારી પકડાય અને બળાત્કારને કારણે જો યુવતિનું મૃત્યું થયું છે તો તત્કાલ બળાત્કારીઓને એક જ સપ્તાહમાં જાહેરમાં ફાંસી આપવી જોઈએ. અને જો યુવતિનું મૃત્યુ નથી થયું તો બળાત્કારીઓને જનમટીપની સજાની જોગવાઈ હોવી જોઈએ. અને બળાત્કારીના પરિવારમાંથી કોઈને પણ ભવિષ્યમાં સરકારી નોકરી કે સરકારી કોઈપણ લાભ નહીં મળે. એવો કડક કાયદો બનાવવામાં આવે તો એના પરિણામો તત્કાલ સારા આવશે. આવી ઘટનાઓ પાછળ ક્યાંક ને ક્યાંક આપણી સત્તા, પૈસો, તાકત, પોલીસ અને પાવર રહેલો છે. પરિણામે કાયદાથી કોઈ ડરતું નથી પરંતુ આ એક સામાજિક રીતે સંવેદનશીલ વિષય હોવાથી એનો કાયદો વિશેષ બનાવી તત્કાલ ન્યાયના ધોરણે એનો અમલ કરાવવાની જરૂર છે, જેથી ઘણી બધી તાકાતો પણ નબળી પડશે અને સ્ત્રીની સલામતી વધશે. દુનિયાના ઘણા દેશોમાં બળાત્કારના ગુહનાના ખૂબ જ કડક કાયદાઓ અમલમાં છે જ. અને તેથી જ વિદેશોમાં આવી ઘટનાઓ ખૂબ ઓછી બને છે. પરંતુ આપણે ત્યા કમનસીબે આવી ઘટનાઓમાં કાયદાઓનું કડક પાલન થતું નથી અને તેનો લાભ વ્યભિચારીઓ લઈ લે છે.

આપણા સમાજની, સંસ્કારની કરૂણતા એ છે કે કાયદાનો અભ્યાસ કરનાર ખૂદ જાણે છે કે તેમની પાસે આવનાર વ્યક્તિ સાચે જ આરોપી છે. તેણે ખરેખર બળાત્કાર કર્યો છે. ખૂન કર્યુ છે, ભ્રષ્ટાચાર કર્યો છે છતાંય આપણા કાયદાશાસ્ત્રીઓ મોટી ફી મળવાથી આવા બળાત્કારીઓને, ખૂનીઓને, ભ્રષ્ટાચારીઓને કાયદાની ચૂંગાલમાંથી ગમે તેમ કરીને મૂક્ત કરાવે છે. જેમનું કામ અને ફરજ કાયદાને માન આપવાનું છે, કાયદાનું ગૌરવ વધારવાનું છે. એ જ બધા કાયદાશાસ્ત્રીઓ એ જ કાયદાની કલમો દ્વારા ગુહનેગારોના ગુહનાઓને છૂપાવીને નિર્દોષ સાબિત કરે છે. અને જે દેશમાં આવી કાયદાકીય વ્યવસ્થા હોય તે દેશનો સમાજ કંઈ રીતે સભ્ય બની શકે ? જ્યા સત્ય હારતું હોય અને અસત્ય ની જીત થતી હોય ત્યા બળાત્કાર જેવી ઘટના થવાની જ. એક કાયદો એવો પણ હોવો જોઈએ કે દેશની કોઈપણ કોર્ટમાં કોઈપણ વકીલ કેસ લઈને આવે અને જો તેનો અસીલ ગુહનેગાર સાબિત થાય તો અસીલની સાથે વકીલને પણ નાની મોટી સજાની જોગવાઈ હોવી જોઈએ, જે વકીલ કેસ હારે (મતલબ તેનો અસીલ ગુહનેગાર સાબિત થાય) તો તેને એક મહિનો, છ મહિના, એક વર્ષ, પાંચ વર્ષ... જેવી જેલ અથવા એક, બે કે પાંચ વર્ષ એની સનત લઈ લેવાની. એવી સજા રાખવામાં આવે તો મોટાભાગના વકીલો સાચા ગુહનેગારોના કેસ હાથમાં જ નહીં લે અને આવા ગુહનેગારોને સીધી સજા મળશે તો સમાજમાં આવી બળાત્કાર જેવી ઘટનાઓ પણ નહી બને.

આપણા દેશમાં જો માત્ર પોલીસ અને વકીલ - આ બે કાયદારક્ષકો પોતાની નિષ્ઠા સો ટકા દાખવે તો દેશના એકેય અપરાધીઓની તાકાત નથી કે કોઈ અપકૃત્ય આચરી શકે. આજે દેશમાં જે કાંઈ ઘટના કે દૂર્ઘટના ઘટે છે તેની આગળ કે પાછળ આપણી જ પોલીસ કે વકીલોની તાકાત હોય છે જેને કારણે તાકતવર અપરાધીઓ સહેજેય ડર્યા વિના અપરાધ કરે છે. મુંબઈ પોલીસ વિશે આજે મીડિયામાં આપણે જોઈ રહ્યા છીએ. માટે જો દેશને સ્વચ્છ કરવો હશે, આપણે ઈચ્છતા હોઈએ કે આપણા સંતાનો, આપણી આવતી પેઢી સુખ અને શાંતિથી રહી શકે તો આપણે આપણા સમાજની, રાષ્ટ્રની સાફસફાઈ કરવી જ પડશે. ક્યાંક કાયદાથી, ક્યાંક શસ્ત્રથી, ક્યાંક શાસ્ત્રથી અને ક્યાંક પ્રેમ અને સંવેદનાથી. માણસોના મનને બદલવું પડશે, માનસિકતા બદલવી પડશે, સોશિયલ મીડિયા દ્વારા પીવડાવવામાં આવતા ઝેરનું મારણ શોધી આપણા ભારતીય સંસ્કાર, સભ્યતા, શિક્ષણ અને સંવેદનાને મહત્વ આપવું પડશે, તો જ શક્ય છે આવનારા સમયમાં આપણે નિર્ભયા, ડૉ. પ્રિયંકા કે મનિષા કે દિશા જેવી અનેક યુવતિઓને બચાવી શકીશું.

# ન્યૂઝ રૂમ છે કે કોર્ટ રૂમ?!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

હમણાં થોડા દિવસો પહેલા એક ન્યૂઝ ચેનલ પર શુશાંત કેસની લાઈવ ડિબેટમાં ભાગ લેનારમાં એક હતી અભિનેત્રી શર્લિન ચોપરા બરાબર એ જ સમયે એક બીજી ન્યૂઝ ચેનલ પર લાઈવ ડિબેટ ચાલી રહી હતી અને એમાં પણ ચર્ચામાં ભાગ લઈ રહી હતી શર્લિન ચોપરા અને એ ડિબેટ પણ લાઈવ જ હતી....! બેમાથી એક ચેનલમાં યા તો લાઈવ ડિબેટ નહોતી યા તો શર્લિન પાસે કોઈ દૈવી શક્તિ હશે કે એ બંને ચેનલ પર એકસાથે એક જ સમયે પ્રગટ થઈ શકેલી... ગોડ ક્નોઝ..! રિપબ્લિક ચેનલે બેહ્લક દિવસ પહેલા શાહરુખ, રણવીર, અર્જુન જેવા નામોની ડ્રગ્સ કેસમાં સંડોવણી છે એવું કહેલું...પછી શું થયું ? ખબર નથી...! શુશાંત કેસમાં શરૂઆતમાં ચગેલા નેપોટીઝ્મના મુદ્દાનું શું થયું ? ખબર નથી..! ઈવન રુકુલપ્રીત સિંઘની અરજીના સંદર્ભે કોર્ટે પણ નોંધ્યું કે તપાસની અંદરની માહિતી પત્રકારો પાસે ક્યાથી આવે છે ?...જવાબ પેન્ડિંગ છે...! ખુદ સીબીઆઈ અને નાર્કોટિક બ્યુરોએ પણ ચોખવટ કરી કે અમે કોઈ નિષ્કર્ષ પર નથી આવ્યા તો પછી ચેનલો પર રોજ બ્રેકિંગ ન્યૂઝ બનતા આરોપીઓ કોણ ?..નો રિપ્લાય...! રોજના જથ્થાબંધ ફ્લેશ થતાં ' બ્રેકિંગ ન્યૂઝ' અને 'બડી ખબર' નું પછી શું થાય છે ?.... નથી ખબર..! આ અને આવા સવાલોના જવાબ ખબર ના હોય તો વાંધો નહીં પણ એક જવાબ બધી ચેનલ્સને ખબર છે કે દર્શકોને આ જ જોવું ગમે છે અને એનો પુરાવો છે વધતી ટીઆરપી...!

મને કમને લગભગ બધી જ ન્યૂઝ ચેનલો ટીઆરપી ની રેસના પ્રતાપે શુશાંતકેસની ચર્ચા અને ફૂટેજ કે પછી બ્રેકિંગ ન્યૂઝ દેખાડવાની લ્હાયમાં એક યા બીજી રીતે આખો દિવસ આ જ ચલાવ્યા કરે છે. હા વચ્ચે વચ્ચે ચાઈના...કોરોના... મોદી... હાથરસ... એવા બધા ટોપીકો આવ્યા કરે છે પણ મોટેભાગે તો શુશાંતનું-રિયાનું-સારાનું- રુકુલનું-દીપિકાનું ઘર, નાર્કોટિક બ્યૂરોની ઓફિસ, એરપોર્ટ ઓર ના જાને કહા કહા બૂમ પકડીને '' રીયા જવાબ દો '....' દિપીકા ક્યાં તુમને ડ્રગ્સ લિયા થા? 'ચિલ્લાતા...ગાડીઓનો પીછો કરતાં... કરમચંદ જાસૂસની અદાથી કેસના અંકોડા મેળવતા રિપોર્ટરો વધારે નજરે પડે છે. સારું છે... દર્શકોને માહિતી આપવી એ ન્યૂઝ ચેનલ્સની ફરજ અને એ જ કામ છે પણ જ્યારે ન્યૂઝ ચેનલ ન્યૂઝ આપવાને બદલે ફેંસલો આપવા માંડે.... પોતાની રીતે કડીઓ મેળવવા માંડે... બ્રેકિંગ ન્યૂઝની લ્હાયમાં ઢંગધડા વગરની વાતો બતાવવા માંડે ત્યારે મનમાં સવાલ થાય કે આ ક્યાં પ્રકારનું પત્રકારત્વ છે ? આ ન્યૂઝ રૂમ છે કે કોર્ટ રૂમ ? મીડિયા ટ્રાયલ એ સમાચાર અને સનસનાટીનું પરફેક્ટ કોકટેલ છે, એક એવું કોકટેલ જે મને ને તમને બધાને બહુ ભાવે છે. અધુરામાં પૂરું ટીઆરપી... તમે કોઈપણ ન્યૂઝ ચેનલ્સ ફેરવશો તો તમને એમ થશે કે ઓહો સબૂત - પુરાવાઓ તો આ ચેનલ્સો પાસે જ છે... સીબીઆઈ કે બીજી તપાસનિશ એજન્સીઓ પાસે તો કઈ નથી અને ચેનલ્સ અને રિપોર્ટર્સ મહેનત પણ એટલી કરે છે એમાં પણ ના નહીં. દિવસભર ચેનલો પર ચાલતા સમાચારો કે સાંજ થી મોડી રાત સુધી ગોઠવાતી ડિબેટો જોયા પછી દર્શક તરીકે એક જ સવાલ થાય કે '' આખિર કહેના ક્યાં ચાહતે હો તુંમ ?'' કેમ કે મોટાભાગની ડિબેટ કોઈ નતીજા વગર જ આક્ષેપબાજી સાથે પૂરી થતી હોય છે. નવાઈની વાત એ છે કે ગમે એટલા માન-અપમાનો છ્તા પણ અમુક ચહેરાઓ જુદી જુદી ચેનલ્સ પરની ડિબેટમાં નિયમિત જોવા પણ મળે છે...! ન્યૂઝ બ્રેક કરવા અને કોઈ ઘટનામાં કોઈને આરોપી માની જ લેવો આ બન્ને વાતમાં બહુ મોટો તફાવત છે અને આજકાલ ન્યઝ ચેનલો આ તફાવતને નઝરઅંદાઝ કરી રહી છે અને બખૂબી કરી રહી છે.

ચોવીસ કલાક ન્યૂઝ આપવા કરતાં અગત્યનું એ છે કે દર્શકોને શું જોવું ગમે છે ? ન્યૂઝ ચેનલો આ બહુ સારી રીતે સમજે છે એટ્લે જ લગભગ દર અર્ધી કલાકે ટીવીના પરદે કોઈ ને કોઈ બ્રેકિંગ ન્યૂઝ થયા કરે છે. હકીકત એ છે કે શુશાંતના અપમૃત્યુના એક જ મહિનામાં રિપબ્લિક ચેનલ નંબર વન બની ગઈ અને નજીકના પ્રતિસ્પર્ધી આજતક ને પાછળ છોડી દીધું. વાત ખાલી રિપબ્લિક ચેનલની નથી, એનડીટીવી જેવી એકાદ ચેનલને બાદ કરતાં લગભગ બધી જ નેશનલ ચેનલો આ ચલાવ્યે જ જાય છે કેમકે અત્યારે આ જ જોવાય છે. ચેનલોમાં પણ પાછું સરકાર તરફી અને સરકાર વિરોધી એવું છે એટ્લે એની પણ અસર પડે છે સમાચારો પર...! દર્શકોને અવનવી માહિતી આપવી અને સમાચારો પહોચાડવા એ સમાચાર ચેનલ્સની ફરજ છે એની ના નહીં પણ કોઈને આરોપીના પીંજરામાં ઊભા કરી દેવા એ વધારે પડતુંછે. દેશમાં કાયદો છે કાનૂન છે અને કોર્ટ પણ છે જ ત્યારે જ્યારે એક કેસ કે ઘટનાની તપાસ ચાલતી હોય ત્યારે એટલિસ્ટ સાબિત થયા વગર કોઈને ગુનેગાર જાહેર કરવાની કોશિશ નિંદનીય છે અને એનાથી ન્યૂઝ ચેનલ્સે બચવું જોઈએ. આ હું નહીં પણ રકુલપ્રીતની એક અરજીના સંદર્ભમાં ખુદ નામદાર કોર્ટે નોંધ કરેલી છે. ઈવન પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ પણ ટકોર કરેલી કે સાંભળેલી વાતો, સાક્ષીઓ, પીડિત કે શંકાસ્પદ વ્યક્તિઓ વિષેની ખબરો ચલાવવાથી ન્યૂઝ ચેનલોએ બચવું જોઈએ. પણ બચે કોણ? ટીઆરપી અને 'દેશ કા નંબર વન ચેનલ' બનવાની હોડમાં આખો દિવસ એટલા બધા તમાશાઓ થાય છે કે એમાં સમાચાર શું છે અને સનસની શું છે એનો ભેદ સમજાય જાય...!

મીડિયા ટ્રાયલ જગતભરમાં સમાચાર ક્ષેત્રે આ બહુ જાણીતી ટેક્નિક છે. એક હદ સુધી સમાચારો શોધવા માટેની જહેમત સરાહનીય છે પણ પછી 'આ જ સાચું' અને 'આવું જ છે 'ની જડતા સમાચારોને ફારસ બનાવી દે છે. દર્શકોને મજા આવે એ અલગ વાત છે અને મનઘડત સમાચારોને લીધે કોઈની સ્વતંત્રતા જોખમાય એ અલગ વાત છે. રોજ સાંજ પડ્યે ટીવી સ્ટુડિયોમાં ગોઠવાતી ડિબેટમાં એક્રર જ જજ બની જાય, જયુરી બની જાય એ મનોરંજન માટે ઠીક છે પણ એનાથી પત્રકારત્વની વિશ્વસનીયતા પર સવાલો ઊભા થઈ જાય. પણ ન્યૂઝ નેશનના દિપક ચોરસિયા કહે છે એમ 'મીડિયા દરેક કેસનું આમ જ રિપોર્ટિંગ કરતું આવ્યું છે. અમને જે તથ્યો મળે છે એના મૂળ સુધી જવાની અમારી કોશિશ હોય છે, અમે પુરાવાઓ શોધવાનું કામ કરીએ છીએ અને બની શકે કે અમે તટસ્થ નથી રહી શકતા.'' પ્રેસ એસોશિએશનના અધ્યક્ષ જયશંકર કહે છે કે આરૂષિ કેસમાં પણ મીડિયાએ ' બેટી કા હત્યારા બાપ ' જેવી સ્ટોરીઓ ચલાવેલી પણ નિર્દોષ છૂટયા પછી એકપણ ચેનલે એ બાપની માફી નહોતી માંગેલી. ઝી મીડિયાના સુધીર ચૌધરી કહે છે કે શ્રીદેવીનું મોત હોય કે રામ-રહિમનો કેસ કે શુશાંત મીડિયા ટ્રાયલ એકદમ નિમ્નસ્તરે છે અને આ ચિંતાજનક છે. તો સામે છેડે ઈન્ડિયા ન્યૂઝના રાણા યશવંત કહે છે કે તમે ગમે તે કહો ટીઆરપી આવે એટ્લે ખબર પડી જ જાય કે લોકોને શું જોવું ગમે છે અને એક બીજી વાત પણ છે કે મીડિયાએ સુશાંત કેસમાં જો આટલો દેકારો ના કર્યો હોત અને સબૂતો ના આપ્યા હોત તો મામલો સીબીઆઈ માં જાત જ નહીં. અસલમા જ્યારે લોકોને લાગે કે સત્ય છુપાવાઈ રહ્યું છે ત્યારે એ સત્ય બહાર લાવવાનું કામ કરવું એ મીડિયાની ફરજ છે અને એને લીધે જ બીએમડબલ્યુ હિટ એન્ડ રન, જેસિકા લાલ, નિઠારી કાંડ, નિર્ભયાકેસ જેવા કેસમાં ફાયદો પણ થયેલો. પણ જેમ દિપક ચોરસિયા કહે છે એમ (ગમે એટલી મીડિયા ટ્રાયલ ચલાવી લો કે પુરાવાઓ શોધી લાવો) અંતે તો ફેંસલો ન્યાયાલય જ આપે છે. સમાચારોનું સ્થાન સનસનાટી લેવા માંડે ત્યારે સમજવું કે ચેનલ બદલવાનો સમય થઈ ચૂક્યો છે...પણ બદલીને જશો ક્યાં?